# નવરાત્રીની ખરીદીમાં ખેલૈયાઓ થયા વ્યસ્ત

## ચણિયાચોળી, કેડિયા, નવરાત્રી પર્વની વિવિધ ચીજવસ્તુઓની ખરીદી માટે બજારોમાં જમાવટ નવરાત્રી પહેરવેશ માટેના બુકિંગ શરૂ : ૫૦૦ રૂ. થી ૬૦૦૦ રૂ.માં ડ્રેસ ભાડે મળશે

ગાંધીનગર, તા. ૧૮

મા આધ્યશક્તિની નવલી નવરાત્રીને હવે ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે ગાંધીનગરમાં ખેલૈયાઓ તૈયારીઓમાં વ્યસ્ત જોવા મળી રહ્યા છે. છોકરીઓ ચણિયાચોળીની ખરીદીમાં અને છોકરાઓ કેડિયાની ખરીદી માટે આમતેમ દોડતા થઈ ગયા છે. આ સાથે જ નવરાત્રીમાં પહેરાતા આભૂષણોની ખરીદી પૂરજઓશમાં છે. બજારોમાં ખરીદીનો માહોલ છવાયો છે. આ વર્ષે ખેલૈયાઓ દસેય દિવસ ગરબા રમવા માટે થનગની રહ્યા છે, ત્યારે શહેરમાં નવરાત્રીના પહેરવેશનું વેચાણ કરતા વ્યવસાયકર્તાઓએ પણ આ વર્ષે ખેલૈયાઓ માટે અવનવી ડિઝાઈનવાળી ચણિયાચોળી અને કેડિયા તૈયાર કર્યા છે જેનું અત્યારથી જ બુકિંગ શરૂ થઈ ચૂક્યું છે. નવરાત્રીને જેમ ગણતરીના દિવસો બાકી રહ્યા છે તેમ શોપિંગને પણ ગણતરીના દિવસો બાકી રહ્યા છે. નવરાત્રીના દરેક દિવસમાં કંઈક ડીફરન્ટ લુક મેળવવા મોટ મહિલાઓ અલગ-અલગ ચણીયાઓળીની ખરીદી કરે છે. મહિલાઓની સાથે હાલ પુરૂષો પણ વિવિધ ભાતના કેડિયાની ખરીદી કરીને ગરબે ઘુમવા જતા હોય છે. ખેલૈયાઓ દર વર્ષે નવા નવા ટ્રેન્ડ મુજબ ગરબા રમવા માટે તૈયાર થવાનું પસંદ કરે છે ત્યારે આ વખતે પણ ગરબા ગ્રાઉન્ડમાં નવા નવા ટ્રેન્ડ જોવા મળશે જેમાં પહેરવેશથી લઈ ગરબા સ્ટેપમાં અવનવા ટ્રેન્ડ જોવા મળશે. છેલ્લા ૨ વર્ષથી કોરોના મહામારીને કારણે તમામ ઉત્સવો બંધ રહ્યા હોવાથી ચાલુ વર્ષે રાજ્ય સરકારે છૂટછાટ આપતા ખેલૈયાઓ ગરબે ઘુમવા માટે ખુશખુશાલ છે. ત્યારે હાલ ચણીયાચોળી વિક્રેતાઓમાં પણ આનંદ જોવા મળી રહ્યો છે. અર્વાચીન રાસોત્સવમાં અવનવા ચણીયાચોળી પહેરીને ખેલૈયાઓ આ વર્ષે મન ભરીને ગરબા રમશે. ત્યારે ગાંધીનગરમાં વર્ષોથી નવરાત્રી પર્વ સલંગ્ન વ્યવસાય કરતા વેપારીઓ સાથે ગાંધીનગર સમાચારની વાતચીતમાં તેમના વિવિધ અભિપ્રાયો જણાવ્યા હતા. જેમાં આ વર્ષે કેવા કેવા ડ્રેસ છે અને શું ભાવ છે અને ડિમાન્ડમાં શું છે આ વખતે તેની પણ ચર્ચા કરવામાં આવી હતી અને તેઓએ રસપ્રદ અભિપ્રાયો પણ આપ્યા હતા.









નવરાત્રી તો ગુજરાતનું ઘરેણું છે આ નવરાત્રીમાં ખેલૈયાઓ સાથે અમારી તૈયારી પણ સંપૂર્ણ છે અનો ગુજરાતી માટે નવરાત્રીએ લગ્ન પછી નો એક માત્ર અવસર છે જમાં બધા જ મન મૂકીને ગરબા નાં રંગે રંગી જાય છે તે જરૂરી છે. નવરાત્રી થી દેશ વિદેશમાં ગુજરાતનું કલ્ચર પ્રખ્યાત બન્યું છે ગાંધીનગરમાં દરેક જગ્યા એ સેક્ટરમાં, મંદિરમાં અને પાર્ટી પ્લોટમાં ગરબાનું આયોજન કરાવામાં આવ્યું છે ગરબા ક્લાસ પણ પુર જોશ માં છે ખેલૈયાઓ જુદા જુદા ગરબા શીખી રહ્યા છે ત્યારે તે બધાની સાથે સાથે ગરબા રમવા વેરાટીઓ ડ્રેસ પણ આવશ્યક છે અમારા ત્યાં ચણિયોચાળી થી લઈ કેડિયા એમ તમામ વારેયટીઓ ઉપલબ્ધ છે. જેનુ ભાંડુ ૩૫૦ રૂપિયા થઈ ૬૦૦૦ સુધી છે અને વેચાણમાં અમારી પાસે ૧૫૦૦ થી ૧૨૦૦૦ રૂપિયા સુધીની વેરાટીઓઉપલબ્ધ છે કોરોના બાદ એક નવો ટ્રેન્ડ આવ્યો છે જેમાં ફેન્સી ડ્રેસની ડિમાન્ડ વધી છે. પોલીસ, આર્મી, રાણી બાળકો નાં ડ્રેસ પણ ઉપલબ્ધ છે જે માત્ર જે માત્ર ગણેસ ડ્રેસવાલા માં જ મળી રહશે.

**(ગિરીશ એમ મોદી, ગણેસ ડ્રેસ વાલા,
S.F 2 સ્વામિનારાયણ કોમ્પ્લેક્ષ,
V સેક્ટરર, ગાંધીનગર.)**



નવરાત્રી ૨૦૨૨ એ બે વર્ષ પછી ખેલૈયા માટે ખૂબ જ ઉલ્લાસ લઈને આવી રહી છે. મલ્હાર ટ્રેડિશનલ ડ્રેસીસ પ્લોટ નં. ૩૨૮/૧, સેક્ટર-૫/એ, ગાંધીનગર ખાતે અવનવી ચણીયા ચોલી જોવા મળશે. તેમજ કચ્છી કેડિયા, સાફા, રામલીલા ઘેર ચણીયા અને અન્ય ઘણી વેરાયટી જોવા મળશે. મલ્હાર ટ્રેડિશનલ ડ્રેસીસમાં તમને ૨૦૦ થી લઈને ૨૦૦૦ સુધીમાં સારામાં સારી ચણીયા ચોળી રેન્ટ પર મળશે.

**તુષારભાઈ, સેક્ટર-૫એ**



નવરાત્રી ૨૦૨૨ એ ખેલૈયાઓ માટે ખુબજ ઉત્સાહ લઈને આવી છે આપણે જાણીએ છીએ કે બે વર્ષથી નવરાત્રી થઈ શકી નથી એટલે આ વખતની નવરાત્રીનો ઉત્સાહ અને ઉમંગ અનેરો છે. કાવ્ય ટ્રેડીશનલ ડ્રેસીસ, ઈન્ફોસીટી, ગાંધીનગર તમને ટ્રેડીશનલની સાથે વેસ્ટર્ન ટચવાળી પણ અવનવી ચણિયાચોળી જોવા મળશે તેમજ કચ્છી કેડીયા, સાફા, જેકો મોતીના ભરતવાળા હાથપગ તેમજ ગળાના ઓર્નામેન્ટસ તેમજ આજકાલ ખુબજ ક્રેઝમાં છે તેવા ડબલ લેયરના ચણિયા, ૨૦ મીટરની ઘેરવાળા ચણીયા, લેરિયા, બાંધણી તેમજ કચ્છી વર્કવાળા દુપટ્ટા, વેલ્વેટના ચણીયાચોળી પણ તમને જોવા મળશે. આ ડ્રેસીસમાં તમને ૨૦૦થી લઈને ૨૦૦૦ સુધીમાં સારામાં સારી ચણિયાચોળી તેમજ કેડીયા રેન્ટ પર મળશે.

**(કૃણાલ શાહ ઇન્ફોસિટી ગાંધીનગર)**



અનુ'સ ક્રિએશન, સેક્ટર-૮, ચણિયાચોળીમાં આ વખતે ફુલ ઘેર સાથે મેચીંગ લટકણ અને ગામઠી કરતા સિલ્ક અને ડિઝાઈનર ચણીયાચોળીનો ક્રેઝ વધારે જોવા મળશે. સાથે સાથે ગ્રપ ચણિયાચોળી પણ ડિમાન્ડમાં રહેશે. ભાડામાં પણ ભિન્નતા જોવા મળશે.

**પટેલ અનુપમા**



આ વખતની નવરાત્રી ખૂબજ હર્ષોઉલ્લાસવાળી રહેશે. ખેલૈયા છેલ્લા ત્રણ વર્ષથી રમી શક્યા નથી તે આ વર્ષે નવરાદ્રીમાં ખૂબજ રંગ જમાવશે. આ વખતના ટ્રેન્ડની વાત કરીએ તો અજરક, શીબોરી અને મોડાલમાં લગડી પટ્ટાવાળા ચણીયાચોળી વધારે ચાલશે, બાકી લેરિયા, બાંધણી તો ગુજરાતીઓને બારેમાસ જોયે તો નવરાત્રીમાં તો હોય જ ને. જો ભાડે ચણીયાચોળીની વાત કરીએ તો આ વર્ષે બધો જ સ્ટોક નવો આવશે. ત્રણ વર્ષ પહેલાનું કંઈ ચાલશે નહી. માટે મારા મત મુજબ ત્રણથી ચાર હજાર ભાડુ રહેશે અને શરૂઆત સિમ્પલ ચણીયાચોળીની જોઈએ તો પાંચસો કે હજારથી રહેશે.

**સંગીતાબા બિહોલા
પ્લોટ નં. ૫૦૨/૧, સેક્ટર-૨૨**



અમારો સ્ટોલ 'દિપલ ક્રિએશન' કરવામાં આવેલ છે. જે શ્રી સૌરાષ્ટ્ર લગ્ન વાડી સેક્ટર-૭, નવરાત્રી સ્પેશીયલ સેલમાં રાખેલ છે. જે તારીખ ૨૩/૨૪/૨૫ના રોજ કરવામાં આવેલ છે. જ્યાં તમને દરેક પ્રકારના ચણીયાચોળી મળી રહેશે. જેમાં અત્યારના ટ્રેન્ડ પ્રમાણે અને એવરગ્રીન ડિઝાઈન જેવી કે પટોળા, લેરીયા, બાંધણી, આભલા વર્ક, ગોટા - પટ્ટી વર્ક તથા બ્રોકેટ વગેરે મળી રહેશે.

**દિપલ લલિતકુમાર શર્મા
પ્લોટ નં. ૭૩૮/૨, સેક્ટર-૨સી**

### આ વર્ષના નવા ટ્રેન્ડ પર એક નજર

દર વર્ષે નવા નવા ટ્રેન્ડ નવરાત્રીમાં જોવા મળે છે ત્યારે આ વર્ષે પણ નવા ટ્રેન્ડ આવ્યા છે. ચણિયાચોળીમાં અને કેડિયામાં એમ બંનેમાં નવા નવા ટ્રેન્ડ આવ્યા છે. ચણિયાચોળીમાં ફૂલ ઘેર સાથે મેચિંગ લટકણ અને ગામઠી ચણિયાચોળી કરતા સિલ્ક અને ડિઝાઈનર ચણિયાચોળીનો ટ્રેન્ડ જોવા મળશે ત્યારે કેડિયામાં પણ ખેલૈયાઓના ભરત ભરેલા હોય તેવા ભારે કેડિયાઓની ડિમાન્ડ વધી છે. ભારે ચણિયોચોળી કરતા સિમ્પલ અને સોબર લુક આપે તેવી ચણીયાચોળીની ડિમાન્ડ વધી છે. આ સાથે જ ઓરનામેન્ટમાં પણ નવી નવી ડિઝાઈન જોવા મળી રહી છે.

### આ વર્ષે માત્ર નવો સ્ટોક જોવા મળશે

સતત ત્રણ વર્ષ નવરાત્રીની ઉજવણી કરવામાં આવી નહોતી તેથી વેપારીઓને વ્યવસાયમાં સંપૂર્ણ ખોટ રહી હતી. જેમાં જૂનો સ્ટોક ન લાવતા આ વર્ષે વેપારીઓએ સંપૂર્ણ નવો સ્ટોક બજારમાં મૂક્યો છે. નવરાત્રીની ચણિયાચોળી અને કેડિયાની ખરીદી માટે ખેલૈયાઓને આ વખતે નવા ટ્રેન્ડ જોવા મળશે. આ વખતે ખેલૈયાઓની પસંદગી મુજબના પહેરવેશ બજારમાં આવ્યા છે તેથી ખેલૈયાઓ પણ ઉત્સાહપૂર્વક ખરીદી કરવા લાગ્યા છે.

### ઢોલ સહિતના સંગીતવાદ્યકારોનું બુકીંગ હાઉસફૂલ

નવ-નવ રાત્રિના મહાપર્વ નવરાત્રીની ઉજવણીમાં ઢોલ, તબલાં સહિતના દેશી વાદ્યોની પણ માંગ વધુ રહે છે. આધુનિક સંગીત સાધનોની સાથે પરંપરાગત સંગીત સૂરાવલિઓની પણ માંગ રહે છે. જેમાં ખાસ કરીને શેરી, પોળ અને ગ્રામ્ય વિસ્તારોમાં ઢોલના તાલે ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘૂમતા હોય છે. આથી ગાંધીનગર સહિત વિવિધ વિસ્તારોમાં વસતા ઢોલ સહિતના વાદ્યોના કલાકારોના નવરાત્રીના બુકીંગ હાઉસફૂલ હોવાનું જાણવા મળે છે. સાથોસાથ સંગીતના વાદ્યો રીપેર કરનારાઓને પણ હાલ તડાકાની મૌસમ ખુલી છે.

### બ્યુટી પાર્લરમાં બુકિંગ ફૂલ

નવરાત્રીમાં ખેલૈયાઓ ગરબે ઘુમવા માટે સુંદર પહેરવેશ તો પહેરે જ છે પરંતુ તેની સાથે સાથે સુંદર દેખાવવા માટે બ્યૂટી પાર્લરમાં અત્યારથી જ બુકિંગ કરાવી રહ્યા છે જેમાં નવરાત્રીમાં વોટર પ્રૂફ મેકઅપ, અવનવા ટેટૂ, હેર સ્ટાઈલની ભારે ડિમાન્ડ હોય છે તેથી બ્યૂટી પાર્લરમાં વ્યવસાયકર્તાઓમાં પણ આનંદો છવાયો છે.

### નવરાત્રી પહેરવેશમાં ૧૫ ટકા જેટલો ભાવ વધારો

ચણિયાચોળી અને કેડિયાની નવરાત્રીમાં ભારે ડિમાન્ડ હોય છે ત્યારે આ વખતે પાર્ટીપ્લોટમાં ખેલૈયાઓની ભારે જમાવટ જોવા મળશે. ત્યારે જેના વગર પાર્ટી પ્લોટમાં એન્ટ્રી નથી મળતી તેવા નવરાત્રીના સુંદર મજાના પહેરવેશનો ભાવ આ વર્ષે ૧૫ ટકા જેટલો વધ્યો છે જેમાં ૫૦૦ રૂપિયાથી લઈ ૬૦૦૦ સુધીમાં ચણીયાચોળી અને કેડિયા મળી રહેશે.

# ગાંધીનગર વડનગરા નાગર મંડળ દ્વારા રાજ્યકક્ષાની બેઠા ગરબા સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૧૮

વડનગરા નાગર મંડળ, ગાંધીનગર દ્વારા રાજ્યકક્ષાની બેઠા ગરબાની સ્પર્ધા સેક્ટર-૨૩ કડી કોલેજ હોલ ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં રાજ્યભરમાંથી ૧૧ ટીમોએ ભાગ લીધો હતો.

બેઠા ગરબા એ નાગર પરિવારોની અનોખી પરંપરા છે. વડનગરા નાગર મંડળ, ગાંધીનગર દ્વારા આ પરંપરાને જીવંત રાખવા તથા નવી પેઢીમાં તેને વધુ લોકપ્રિય બનાવવાના ભાગરૂપે રાજ્યકક્ષાની બેઠા ગરબાની સ્પર્ધા યોજવામાં આવી હતી. ગાંધીનગર ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં રાજ્યભરમાંથી ૧૧ ટીમોએ ભાગ લીધો હતો. વૈવિધ્યસભર રાગ અને તાલમાં ગરબા રજૂ થયા હતા. આ અનોખી ગરબા સ્પર્ધાને માણવા નાગર પરિવારો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. સમગ્ર હોલ નાગર પરિવારોથી છલકાયો હતો. આ સ્પર્ધાને ગાંધીનગર કલ્ચરલ ફોરમના પ્રમુખ કૃષ્ણકાન્ત જહા અને શિવરંજનીના પ્રમુખ વાગ્મિન બુચે દીપ પ્રગટાવી ખુલ્લી મુકી હતી. સંસ્થાના પ્રમુખ પ્રહર અંજારીયાએ સ્વાગત અને પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતુ. શહેર અને રાજ્યના નાગર શ્રેષ્ઠીઓએ ઉપસ્થિત રહી આ સુંદર કાર્યક્રમને બીરદાવ્યો હતો. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે જાણીતા કલાકાર સલીલ મહેતા, મુક્તિ વૈષ્ણવ અને આકાંક્ષા છાયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### ગાંધીનગરની બીબીએ કોલેજ દ્વારા અદાણી ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીસ સંચાલિત મુન્દ્રા બંદરની ઔદ્યોગિક મુલાકાત

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર કડી વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બિઝનેશ એડમિનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજનાં વિદ્યાર્થીઓની સાતત્યપૂર્ણ દરેક સેમેસ્ટરમાં ઈન્ડસ્ટ્રીયલ વિઝિટનું આયોજન થઈ રહ્યું છે. જેનાથી વિદ્યાર્થીઓને વ્યાવસાયિક ક્ષેત્રનાં તમામ પાસાઓ સમજવામાં સરળતા રહે છે. બીબીએનાં ૭૮ વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી.

જેમાં દરેક ટીમ દ્વારા મુન્દ્રા પોર્ટની બે દિવસીય મુલાકાત લેવામાં આવી હતી. સાંપ્રત સમયમાં મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓની માંગ દરેક ક્ષેત્રમાં છે. ત્યારે ઉપરોક્ત વિઝિટનું મહત્વ સ્કીલ ડેવલોપમેન્ટ તેમજ ઔદ્યોગિક ક્ષેત્રના અનુભવ બાબતે વધી જાય છે. આજે પોર્ટ-મેનેજમેન્ટમાં પણ રોજગારીની અનેક તકનું સર્જન થઈ રહ્યું છે.



અનામત વધારવાની માંગણી સાથે ગુજરાત રાવળ યોગી સમાજે પાલનપુરથી ગાંધીનગર સુધી પદયાત્રા યોજી હતી. સત્યાગ્રહ છાવણી ખાતે તેઓએ ધરણાં યોજી સરકાર સમક્ષ પોતાની માંગણીઓ મુકી હતી.






લિયો ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા ૧૬ સપ્ટેમ્બરના રોજ સ્વર્ગીય લાયોનેસ ભૂતપૂર્વ પ્રમુખ પ્રિયા વિનોદ માનિકના શ્રાદ્ધ નિમિત્તે ફૂડ ફોર હંગર કાર્યક્રમ અંતર્ગત સેક્ટર-૧૦ અને સેક્ટર-૨૦ની ઝુપડપટ્ટી વિસ્તારમાં જરૂરિયાતમંદોને ૫૦૯ કિલો પૌષ્ટિક વેજીટેબલ મસાલા ખીચડી, છાશ અને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિ લાયન ભૂતપૂર્વ પ્રમુખ સી.એ. વિનોદ માનિક દ્વારા સ્પોન્સર કરવામાં આવી હતી. આ સેવાકીય પ્રવૃત્તિમાં લિયો પ્રમુખ સીએ કરણ માનિક, લિયો સેક્રેટરી રત્ના માનિક, લિયો એડવાઈઝર લાયન ભૂતપૂર્વ પ્રમુખ જીતેન્દ્રસિંહ સોલંકી, લાયન ભૂતપૂર્વ પ્રમુખ વિનોદ માનિક અને મોટી સંખ્યામાં લિયો મિત્રો હાજર રહ્યા હતા.



વડાપ્રધાન દ્વારા ૨૦૨૫ સુધીમાં ટીબીને નાબુદ કરવાનું આહવાન કરેલ છે જેના અનુસંધાને તાજેતરમાં આરોગ્ય મંત્રી દ્વારા નિક્ષય મિત્ર તરીકે ટીબીના જરૂરીયાતમંદ દર્દીને દત્તક લઈને ટીબીના દર્દીને પૌષ્ટીક આહાર કીટ આપવા માટે તમામ લોકોને આહવાન કરેલ છે જેના ભાગરૂપે વડાપ્રધાનના જન્મ દિવસની યાદગાર ઉવણીના ભાગરૂપે સ્થાનિક કોર્પોરેટરનો સહયોગ લઈને કોર્પોરેશન વિસ્તારના ઝુંડાલ ગામમાં વસિકા ગૃપ મેમ્બર કોર્પોરેટર શ્રીમાળી સેજલબેન કનુભાઈ દ્વારા ટીબીના જરૂરીયાતમંદ ૨૫ દર્દીઓને પૌષ્ટીક આહારની કીટ વિતરણ કરવામાં આવી હતી. આ દર્દીઓની સારવાર ચાલુ રહેશે ત્યાં સુધી અનાજની કીટ આપવામાં આવશે. મેડીકલ હેલ્થ ઓફીસર ડો.કલ્પેશ ગોસ્વામી સીટીબીટી ઓફીસર ડો.એચ.કે.પટેલ, આરસીએચઓ તેમજ અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર, શહેરી ક્ષય કેન્દ્રના ટીવીએચવી કુમાર રાઠોડ અને અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઝુંડાલના તમામ સ્ટાફે હાજરી આપી હતી. આ પ્રસંગે ટીબી હારેગા દેશ જીતેગા સુત્રને ઝડપથી ચરિતાર્થ કરવાનો સંકલ્પ જાહેર કરાયો હતો.

# વડાપ્રધાન મોદીના જન્મદિને સ્વૈચ્છિક રક્તદાન કરતા વૉર્ડ-૮ના નગરસેવિકા છાયાબેન ત્રિવેદી




ગાંધીનગર, તા.૧૮

ગુજરાતના પનોતા પુત્ર, આત્મનિર્ભર ભારતના પ્રણેતા, વિશ્વનેતા, ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે ગાંધીનગર મહાનગર યુવા મોરચા વૉર્ડ નં. ૧, ૨, ૭, ૮, ૯, ૧૧માં રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે ગાંધીનગર વૉર્ડ નં.૮ના સંવેદનશીલ નગરસેવિકા છાયાબેન ત્રિવેદીએ રક્તદાન કર્યુ હતું.